**ક્રિમીનલ કેસ નંબર ૩૩૯/૨૦૨૪**

**આંક ૭ ની અરજી લગત હુકમ :-**

૧. આ કામે આરોપીઓ તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ હાલની અરજી કરી આ કામે મુળ ચાર્જશીટ ક્રિમીનલ કેસ નં. ૧૫૯/૨૦૨૪ તથા પુરવણી ચાર્જશીટ ક્રિમીનલ કેસ નં. ૩૩૯/૨૦૨૪ બંને કેસોને એકત્રીત કરી બંને કેસોનો સંયુક્ત રીતે પુરાવો લેવા અરજ કરેલ છે.

૨. સદર અરજી તથા બંને કેસોનું રેકર્ડ વંચાણે લીધું. આરોપીના વિધ્વાન વકીલ શ્રી. સી. બી. ઠાકોર તથા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાણ ની રજુઆત સાંભળી.

૩. ઉભયપક્ષની દલીલો સાંભળી. આ કામે રેકર્ડને ધ્યાને લેતા જણાઇ આવે છે કે આ કામે સરકાર તરફે સ્ટેટ મોનીટરીંફ સેલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના અ.હે.કો. સાજણભાઇ વિરાભાઇ વસરા નાઓએ આરોપીઓ (૧) અજાભાઇ ભુરાભાઇ વાઘેલા, (૨) દિલીપભાઇ ઠાકોર, (૩) કમલેશ બિશ્નોઇ તેમ જ અન્ય ત્રણ અજાણ્યા ઇસમો વિરુધ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ અને ૮૩ મુજબના ગુનાની ફરીયાદ દિયોદર પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવતા પોલીસે પાર્ટ સી ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૫૦૧૭૨૩૦૮૩૪/૨૦૨૩ થી ગુનો નોંધેલ અને ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ ગુનાની તપાસ કરી આરોપીઓ પૈકી આરોપી અજાભાઇ ભુરાભાઇ વાઘેલા નાઓને અટક કરેલ અને તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા સદર આરોપી વિરુધ્ધ અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ, જેને અત્રેની અદાલત ધ્વારા ક્રિમીનલ કેસ નં. ક્રિમીનલ કેસ નં. ૧૫૯/૨૦૨૪ થી દાખલ કરવામાં આવેલ અને તે ચાર્જશીટમાં બે આરોપીઓ (૧) દિલીપજી પોપટજી ઠાકોર અને (૨) જોગાજી શંકરજી ઠાકોર નાઓને નાસતા ફરતા બતાવેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૪. ત્યારબાદ સદર નાસતા ફરતા આરોપીઓ (૧) દિલીપકુમાર પોપટજી સબોસણા (ઠાકોર) નાઓને તારીખ ૧૪.૩.૨૦૨૪ ના રોજ અટક કરવામાં આવેલ અને (૨) જોગાજી ઉર્ફે

ટીનાજી શંકરજી ઠાકોર નાઓને તારીખ ૩૦.૩.૨૦૨૪ ના રોજ અટક કરવામાં આવેલ અને તેઓ વિરુધ્ધ પણ પુરતા પુરાવા જણાતા અત્રેની અદાલત સમક્ષ અલગથી પુરવણી ચાર્જશીટ સદર આરોપીઓ વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ, જે પુરવણી ચાર્જશીટને અત્રેની અદાલત ધ્વારા ક્રિમીનલ કેસ નં. ૩૩૯/૨૦૨૪ થી દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ બંને કેસોના આરોપીઓ વિરુધ્ધની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૫. હાલની અરજીની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો સદર બંને કેસો એક જ ગુના રજીસ્ટર ઉપરથી ઉદભવેલ હોવાનું અને એક જ બનાવને લગતા હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે પરંતુ આ કામે બે આરોપીઓ (૧) દિલીપકુમાર પોપટજી સબોસણા (ઠાકોર) અને (૨) જોગાજી ઉર્ફે ટીનાજી શંકરજી ઠાકોર નાઓ જે તે વખતે નાસતા ફરતા હોઇ મળી આવતા ન હોવાના કારણે તે બે આરોપીઓને મુખ્ય ચાર્જશીટ થયા બાદ અટક કરવામાં આવેલ હોઇ, સદર બંને આરોપીઓ વિરુધ્ધ અલગ પુરવણી ચાર્જશીટ થયેલ હોઇ, સદર બંને કેસોના પક્ષકારો અને સાહેદો એક જ હોઇ પુરાવામાં પુનરાવર્તન ન થાય તેવા હેતુસર સદર બંને કેસોની ઇન્સાફી કાર્યવાહી સંયુકત રીતે ચલાવવી યોગ્ય અને વ્યાજબી જણાતી હોઇ સદર બંને કેસોને એકત્રીત કરવા જરુરી જણાતા હોઇ, તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## -: હુકમ :-

હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને ક્રિમીનલ કેસ નં. ૧૫૯/૨૦૨૪ (મુળ ચાર્જશીટ) અને ક્રિમીનલ કેસ નં. ૩૩૯/૨૦૨૪ (પુરવણી ચાર્જશીટ) તે બંને કેસોને એકત્રીત કરી સંયુકત રીતે પુરાવો લઇ બંને કેસોની ઇન્સાફી કાર્યવાહી સંયુકત રીતે ચલાવવા અને ક્રિમીનલ કેસ નં. ૧૫૯/૨૦૨૪ (મુળ ચાર્જશીટ) ના કામે પુરાવો લઇ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

**સદર હુકમની એક નકલ ક્રિમીનલ કેસ નં. ૧૫૯/૨૦૨૪ (મુળ ચાર્જશીટ) સાથે સામેલ રાખવી.**

**આજરોજ તારીખ. ૨ જી જુલાઇ, ૨૦૨૪ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.**

**તારીખ. ૦૨/૦૭/૨૦૨૪**

**( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દિયોદર, જી. બનાસકાંઠા**
**Judge Code : GJ00572**